# પૂર્વ વિદ્યાર્થીઓએ IIT-Gnમાં સમર ઈનોવેશન પ્રોગ્રામ શરુ કરાવ્યો

**'ઈન્વેન્ટ @IIT' પ્રોગ્રામમાં દેશની પાંચ આઈઆઈટીના ૨૦ વિદ્યાર્થી જોડાશે. આ વિદ્યાર્થીઓ દસ ઈનોવેશન પર કામ કરી તેની યુએસ પ્રોટોટાઈપ એપ્લિકેશન ફાઈલ કરવાનું કામ કરશે**

આઈઆઈટી ગાંધીનગર ખાતે ૬ અઠવાડિયાના સમર પ્રોગ્રામ ઈન્વેન્ટએટ આઈઆઈટીની શરુઆત ૧૮ જુનથી ૨૭ જુલાઈ દરમિયાન કરવામાં આવશે. આ પ્રકારનો કાર્યક્રમ દેશમાં પ્રથમ વખત યોજાઈ રહ્યો છે, જેમાં આઈઆઈટી ગોવાહાટી, આઈઆઈટી જમ્મુ, આઈઆઈટી ખડગપુર, આઈઆઈટી મદ્રાસ અને આઈઆઈટી ગાંધીનગરમાંથી પસંદગી પામેલા ૨૦ વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે. બે વિદ્યાર્થીઓની એક એવી ૧૦ ટીમ બનાવીને આ વિદ્યાર્થીઓ ૧૦ ઈનોવેશન પર કામ કરશે, જેમાં આ ઈનોવેશનને કન્સીવ કરવાથી માંડીને, તેની પ્રોટોટાઈપ બનાવવાનું તથા તેના માટે યુએસ પ્રોટોટાઈપ એપ્લિકેશન ફાઈલ કરવાનું કામ પણ કરશે. આ સ્પર્ધામાં બેસ્ટ ઈનોવેશન કરનારી ટીમને ૨ લાખનું તથા સેકન્ડ બેસ્ટ ઈનોવેશનને ૧ લાખનું ઈનામ આપવામાં આવશે, આપણી રોજબરોજની જિંદગીને સરળ બનાવવામાં નીતનવા ઈનોવેશનનો બહુ મોટો ફાળો હોય છે તે જોતાં આ તમામ ઈનોવેશન લોકોની લાઈફને સરળ કરવા ઉપર ફોકસ કરશે.

ઉલ્લેખનિય છે કે આઈઆઈટી બોમ્બેના ચાર પૂર્વ વિદ્યાર્થીઓને યુએસની સાયરક્સ યુનિવર્સિટીમાં આ પ્રકારનો સમર પ્રોગ્રામ નિહાળ્યા બાદ પોતાની શિક્ષણ સંસ્થા આઈઆઈટીમાં પણ આવો પ્રોગ્રામ શરુ કરવાનો વિચાર આવ્યો. અને આ માટે તેમણ આગળ આવીને આઈઆઈટીને આપેલા ડોનેશનને કારણે આ પ્રોગ્રામ શક્ય બન્યો. આ કાર્યક્રમમાં દરેક ટીમને પોતાની પ્રોટોટાઈપ બનાવવા માટે ૫૦,૦૦૦નું બજેટ આપવામાં આવ્યું છે.

**Title:** Former students got initiated innovation program at IITGN
**Source:** Gujarat Samachar (Plus, Pg. No. 01)
**Link:** http://gujaratsamacharepaper.com/nd/gsnews2.php?pageid=GUJARAT_GSP_20180613_1
**Date:** 13/06/2018